આભડછેટ અને સૂતક.

અસલ "અધ્યાત્મમાલા"માં છપાએલું તેપરથી પુસ્તક રૂપે

પ્રસિદ્ધ કર્તા

લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ

એફ. ટી. એસ.

૧૮૯૨.

કિંમત ૧ આનો.

સુરત "ગુજરાત સ્ટાન્ડર્ડ" પ્રેસ.

આભડછેટ અને સૂતક.

પ્રસ્તાવના.

ઉંચ કોમના હિંદુઓ આચારને નામે જે રૂઢીઓ પાળે છે ને વિદ્યા શાસ્ત્ર અને વિવેકબુદ્ધિ ઉપર કોઇ પણ રીતે અવલંબન કરી રહી છે કે નહિં એ વિષય ઉપર, અને વિશેષે કરીને આભડછેટ અને સૂતકના વિષય ઉપર વિચાર કરતાં જે અનુમાન ઉપર હું આવ્યો તે, **સુરત સનાતનધર્મ સભાના** આગળ મુકવાનો વિચાર થવાથી, મેં મારા વિચારો કાગળ ઉપર લખી તા૦ ૨૩મી જુલાઇ ૧૮૯૩ને રોજ મજકુર સભાના આગળ વાંચી બતાવ્યા હતા. એ સભાના કેટલાક મેંમબરોની નજરમાં એમ આવ્યું કે એ વિચારો પ્રસિદ્ધ કરવા જોઇએ. તે કારણથી આ લઘુ લેખ અધ્યાત્મમાળામાં છપાવી પ્રસિદ્ધ કરી તેને પુસ્તક રૂપે છપાવી વાંચનારના આગળ મૂકવામાં આવ્યો છે. હું જ્ઞાની નથી, તેમજ મહાન રૂષી મુનીઓના રચેલા ગ્રંથો વાંચી સમજવાની મારામાં શક્તિ નથી. તે કારણથી મેં કરેલા વિચારો ખરાજ છે એમ કહેવાની પૃથા હિંમત ધરતો નથી. તે કેટલેક દરજ્જે ખરા ખોટા છે એનો નિર્ણય વાંચનારે પોતામાં રહેલા દિવ્ય પ્રકાશને આધારે કરવો એજ મારી વિનંતી છે.
ઓરપાડ તા૦ ૨૮મી આગસ્ટ સને ૧૮૯૩.

લ. પ્રા. એક થિઓસોફિસ્ટ.

આભડછેટ અને સૂતક.

(લખનાર રા૦ લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ.)

એ શબ્દોનો સમાર વ્યવહારમાં જે અર્થ થાય છે તે પ્રસિદ્ધ છે. આભડછેટ અને સૂતક એ બંનેની ઉત્પત્તિ એકસરખી છે. આભડછેટ ત્રણ પ્રકારે ઉત્પન્ન થાય છે. ૧ સ્પર્શથી, ૨ શોકકારક બનાવથી, ૩ અને બંનેથી.

૧ સ્પર્શ—જ્યારે અપવિત્ર પદાર્થ અથવા અપવિત્ર પ્રાણીને અડકયાથી અથવા સ્પર્શ થવાથી અડકનાર અથવા સ્પર્શ કરનાર કે સ્પર્શ થયેલા પ્રાણી કે પદાર્થમાં દોષ પ્રવેશ કરે છે ત્યારે તેને આભડછેટ કહે છે. એવો દોષ અમુક માણસના શરીરમાં પ્રવેશ થાય એવી સ્થિતિમાં તે આવી ગયો હોય ત્યારે પણ તે અભડાયો એમ કહેવાય છે. (સંસર્ગ અશૌચ) તેમજ એવો

દોષકારક પદાર્થ જેના શરીરમાંથી વહેતો કે નિકળતો હોય તે મનુષ્ય પણ અભડાયું એમ કહેવાય છે.

૨ શોકકારક બનાવ—અમુક શોકકારક બનાવ રક્તસંબંધને લીધે તેમજ અન્ય પ્રકારના ઘાડા સંબંધને લીધે જેઓના મન ઉપર શોકની કે દીલગીરીની ભારે અસર કરે એવો સાધારણ રીતે સંભવ હોય ત્યારે, જેઓને તે અસર કરે એમ હોય તેઓ, અભડાયા એમ કહેવાય છે.

૩ બન્ને—જ્યારે અપવિત્ર પદાર્થ કે જીવના સ્પર્શથી તેમજ કોઇ શોકકારક બનાવના યોગે જે માણસના શરીર અને મનમાં દોષનો પ્રવેશ થાય અથવા દીલગીરીની છાપ પડે, અથવા દોષ પ્રવેશ થવાનો અથવા દિલગીરિની છાપ પડવાનો ભારે સંભવ હોય ત્યારે તે અભડાયો કહેવાય છે.

ઉપર બતાવેલા શારીરિક કે માનસિક દોષ મટવાની શાસ્ત્રકારોએ જે અવધિ બતાવી છે તે અવધિનો વખત વીતતાં સુધી તેવો દોષ જે મનુષ્યને લાગ્યો હોય તેને સૂતકી કહે છે અને તે દોષવાળી સ્થિતિ તેને સૂતક કહે છે.

હવે અપવિત્ર પદાર્થ અથવા જીવના સ્પર્શથી કેવા દોષ અડકનારના શરીરમાં પ્રવેશ થવાનો સંભવ છે અને તેથી કેવાં પરિણામ થવાનો સંભવ છે તે વિશે વિચાર કરીએ.

દરેક પદાર્થમાંથી તેનો પોતાનો **પ્રાણ** (જેને જર્મન તત્વવેત્તાઓ "ઓડ" કહે છે તે) નિરંતર બહાર નિકળે છે. આ પદાર્થ તિવ્ર લાગણીવાળાઓના અનુભવમાં ઝટ આવે છે, અને અંધારામાં પણ દેખાય છે. તેને કોઈ જાતનો પ્રકાશિત રંગ હોય છે. આ પદાર્થ લોહચુંબક અને વિદ્યુતાધાન (Electrified bodies) થયેલા પદાર્થોમાંથી નિકળે છે એ વાત પ્રસિદ્ધ છે એટલુંજ નહિ પણ તે સર્વ પદાર્થ તથા પ્રાણી વગેરેમાંથી નિકળે છે. તે હવાને તેમજ પથ્થર અને દિવાલોને પણ ભેદી શકે છે. એ પદાર્થ વિદ્યુતરૂપ હોઇ હવાની સાથે મળી જાય છે. (જુઓ થિઓસોફિસ્ટ. જાનેવારી સને ૧૮૯૩ પૃષ્ટ ૨૧૪.)

માણસના શરીરમાંથી પરીનાં રૂપ અને વાયુરૂપ પ્રવાહ નિરંતર બહાર નિકળ્યા કરે છે, એ વાત સર્વના જાણ્યામાં હશેજ. હાથ ધોઇ નાખી સાફ કોરો કરી કે શેકીને એક સ્વચ્છ કાચ ઉપર હાથેળી અને પંઝાનો બરાબર સ્પર્શ થાય એ રીતે પાંચેક મીનિટ મૂકી રાખીને ઉઠાવી લેવામાં

આવે તો કાચ ઉપર પંઝાનો તમામ આકાર પડે છે. તે આકાર બાર દેઇ ભૂસી નાખવામાં ન આવે તો પંદર દિવસ અથવા મહિના બે મહિના સુધી રહેલો માલમ પડે છે.

બાગમાં ખીલી રહેલાં સુંદર ફુલોનો સુવાસ કેટલીક વખત ચોગરદમ એટલો ફેલાઈ જાય છે કે તે જનાર આવનારનું મન આકર્ષે છે.

કોથળામાં હીંગ લઇ કાબુલીઓ રસ્તે મળે છે તો વાસથીજ તેઓની પાસે હીંગ છે એમ આપણે જાણીએ છીએ.

લસણ જેવા પદાર્થ દૃષ્ટિએ પડયા ન હોય તોપણ આપણે તે ઘણી વખત પારખી શકીએ છીએ.

મરચાંની વખારોની આસપાસ મરચામાંથી નીકળતો પ્રાણ જનાર આવનારને "ખું" "ખું" કરાવી પોતાનું અસ્તિત્વ સાબીત કરી આપે છે.

કીડીઓ ઘણે દૂરથી ખાદ્ય પદાર્થ ગંધથી શોધી કાઢે છે અને તેટલાજ માટે તેઓ યોજનગંધા કહેવાય છે.

કપૂર, અત્તર વગેરે પદાર્થમાં રહેલો પ્રાણ ઝટ બહાર ફેલાય છે.

સૂર્ય, ચંદ્ર દેવતા વગેરેમાંથી જે પ્રાણપ્રવાહ વહે છે તેની પ્રતીતિ તડકામાં, ચંદનીમાં કે તાપણી પાસે બેસવાથી થાય છે.

શિયાળામાં અબોટીયું ઓઢતી કે પેરતી વખત તેમાં રહેલો વિદ્યુતરૂપ પ્રાણ આપણી રૂવાંટીને કેવી રીતે ઉભી કરે છે તે સર્વના જાણ્યામાં હશેજ.

સલેખમ થયું હોય ત્યારે એમોનિયાની સીસી સુંઘાડવામાં આવે છે. તેમજ મૂર્છા લાવવી હોય ત્યારે ક્લોરોફોર્મ સુંઘાડવામાં આવે છે. તેથી તે તે પદાર્થમાં રહેલો પ્રાણ બહાર નિકળે છે એમ જણાશે.

ઉકરડા પાસેથી જતાં ખરાબ ગંધ આવે છે. તરત મદ્યપાન કરેલા મનુષ્યના મુખમાંથી મદ્યનો વાસ આવે છે. એ વગેરે દાખલાથી દરેક પદાર્થમાંથી પોતપોતાનો પ્રાણ બહાર નિકળે છે એમ સાબીત થશે. જો તેવો કોઇ પદાર્થ બહાર નિકળતો ન હોય તો ગંધ–બો–વાસ વગેરે શબ્દોનો કાંઇ અર્થજ થાય નહિ.

કોઇ શંકા કરશે કે સોનું, લોઢું લાકડું વગેરે પદાર્થમાંથી પ્રાણ નિકળતો જણાતો નથી તો તેનો ખુલાસો માત્ર એટલોજ છે કે તે સર્વ પદાર્થમાંથી હમેશ પ્રાણ વહે છે ખરો, પણ તે પ્રાણ કેવા પ્રકારનો છે તે ઓળખવાની આપણને ટેવ નથી તેમજ એ બાબતનો આપણને માવરો નથી

તેથી તેઓમાંથી કેવા પ્રકારનો પ્રાણ નિકળે છે તે આપણે કહી શકતા નથી.

ડુંગળી, લસણ, મૂળા, મોગરી, ગાજર આદિ પદાર્થ ખાધા પછી તે પાચન થતાં પહેલાં તેમાંથી અમુક પ્રકારનો પ્રાણ બહાર નિકળે છે અને શ્વાસોશ્વાસની સાથે મળી જઈ કેટલીક વખત ઓડકારને રૂપે જણાય છે, ત્યારે તે અમુક પદાર્થમાંથી નિકળેલો પ્રાણ છે એમ આપણે ઓળખી શકીએ છીએ, પણ નિત્ય ઉપયોગમાં આવતા ઘઉં, દાળ, ચોખા વગેરે પદાર્થમાંથી નિકળતો પ્રાણ કેવા પ્રકારનો છે એ આપણે ઓળખી શકતા નથી, એનું કારણ એ છે કે એ પ્રાણ ઘણો ચિત્તવેધક નથી અને એ કેવા પ્રકારનો છે એ પારખવાને આપણે માવરો રાખતા નથી.

માવરો અને લક્ષ એ બે આવી બાબતમાં ઘણાં જરૂરનાં છે. એમ પુછવામાં આવે કે આ વખતે જમણા નસ્કોરામાંથી શ્વાસ બહાર નિકળે છે કે ડાબામાંથી કે બંનેમાંથી એ નાક આગળ હાથ લઇ ગયા શિવાય કહો.

અથવા એમ પુછવામાં આવે કે આજ આ વખતે ગઈ કાલ આ વખતના જેટલીજ ગરમી કે થંડી પડી છે કે કાંઇ ઓછી અથવા વધારે છે ? અથવા મનની દ્રઢતા તરત જમીને બેઠા હોઇએ તે વખતે વધારે હોય છે કે ભૂખ્યા હોઇએ તે વખતે ?

વગેરે સવાલ પુછવામાં આવે તો ઘણા ગભરાવાના. આ બાબતો હમેશ અનુભવમાં આવે છે તેમ છતાં તે તરફ આપણું લક્ષ નહિં હોવાથી અને તે જાણવાનો માવરો નહિ હોવાથી જવાબ દેતી વખત ગભરાઇએ છીએ. એ પ્રમાણે લક્ષ અને માવરાના અભાવને લીધે જે વાતનું જ્ઞાન ન થતું હોય તે વાતનું જ્ઞાન જાતે મેળવ્યા પછી તે ઉપર ખરૂં કે ખોટું મત આપવું જોઇએ.

કેટલાક પદાર્થ એવા પણ છે કે અમુક જથામાં કે અમુક રૂપમાં હોય ત્યાં સુધી તેમાંથી નીકળતો પ્રાણ વરતી શકાય નહિ, પણ તે જથો વધે અથવા અમુક રૂપ પ્રાપ્ત થાય ત્યારેજ તે વરતાય. કેરોસીન તેલ થોડું હોય તો પણ ઝટ જણાઈ આવે છે પણ લાકડામાંથી નિકળતો પ્રાણ ખરાદી રમકડાં ઉતારતો હોય તે વખતે તેની કોડમાં જઇને બેસીએ તોજ માલમ પડે.

એ રીતની હકીકતથી દરેક વસ્તુમાંથી અમુક પ્રકારનો પ્રાણપ્રવાહ બહાર નિકળે છે એમ જણાશે. તે પ્રાણ પ્રવાહ જે જે પ્રાણી અથવા વસ્તુને સ્પર્શ કરે છે તે તે પ્રાણી અથવા વસ્તુને તેની થોડી ઘણી અસર થા-

ય છે. તે સારો હોય તો સારી અસર કરે છે અને નઠારો હોય તો નઠારી અસર કરે છે. પુષ્પોમાંથી નિકળતો પ્રાણપ્રવાહ મનને ખુશ કરે છે, અને ઉકરડામાંથી નિકળતો પ્રાણપ્રવાહ મનને કંટાળો આપે છે.

શરીરમાંથી જીવ ગયા પછી જે તત્વોનું તે બનેલું હોય છે તે તત્વોનું ઝટ પ્રથક્કરણ થવા માંડે છે, અને એ પ્રથક્કરણની ક્રિયાને લીધે તેમાંથી ખરાબ હવા અને વિદ્યુતરૂપ પદાર્થો નિકળે છે; અને તે આસપાસની જમીનને તથા હવાને તેમજ આદમીઓને અસર કરે છે. દાક્તર "લાયોન" પોતાના મેડિકલ જ્યુરિસપ્રુડન્સ નામના પુસ્તકને પૃષ્ટ ૧૪મે લખે છે કે "સાધારણ રીતે, કહોવાની ક્રિયા શીરૂ થાય એટલે મોત થયું એમ જાણવું. જ્યારે હવાની ઉષ્ણતા ૩૨ અને સો ડીગ્રીની વચ્ચે હોય ત્યારે આ ક્રિયા જલદીથી શીરૂ થાય છે. વળી તે લખે છે કે શરીરમાંથી ઝેરના તત્વો ન નિકળ્યાં હોય તોપણ ઝેરથી મોત થયાનો સંભવ હોય, કેમકે કેટલીક વખત ઝેર ઉડી જવાથી દેખાતું નથી". (પૃષ્ટ ૧૨૬.)

એ ઉપરથી એમ માલમ પડે છે કે મૃત શરીરમાંથી ખરાબ હવાનો જથ્થો બાહાર નિકળે છે.

મુડદાં વગેરેને સ્પર્શ કરવાથી જે દોષ સ્પર્શ કરનાર અથવા નજીક રહેનારના શરીરમાં દાખલ થાય છે તે માત્ર આવી વાયુરૂપ ખરાબ હવા અ-અથવા વિદ્યુતરૂપ કોઇ ખરાબ પદાર્થ છે. તે પદાર્થને સામાન્ય રીતે **પ્રાણ**ની સંજ્ઞા આપીએ છીએ.

આવા પદાર્થ શ્વાસ દ્વારા તેમજ શરીરની ચામડીમાંના છિદ્રો દ્વારા શરીરમાં પ્રવેશ કરે છે. એ પદાર્થ શરીરમાંથી જ્યાં સુધી જતો નથી ત્યાં સુધી તે શરીર અને મન બનેની પ્રકૃતિને બગાડે છે, માટે તે બાહાર કાઢી નાખવાની અગત્ય છે.

હવે શોકકારક બનાવની મન ઉપર કેવી અસર થાય છે તેનો વિચાર કરીએ. દરેક માણસને અનુભવ હશે કે શોકકારક બનાવથી મનની સમતુલ્યતા (Equilibrium) નો ભંગ થાય છે. તેમ થવાથી મનની અને તેને યોગે શરીરની પ્રકૃતિ બગડે છે, નિત્યના કામ ઉપર રૂચી રહેતી નથી, જે કર્તવ્ય કર્મો હોંસ અને ઉલ્લાસથી કરતા હોઇએ તે તેટલીજ હોંસ અને ઉલ્લાસથી થઈ શકતાં નથી. કેટલાંક નબળાં મનનાં માણસો આવા બનાવથી ગાંડાં તૂર બની જાય છે. કેટલાંક વૈરાગ્ય ધારણ કરે છે, કેટલાંક બોગ્ય પ-

દાર્થનો ત્યાગ કરે છે, અને કેટલાંક પ્રાણ પણ તજે છે.

એવા બનાવોથી મન ઉપર કોઈ ખેદકારક રંગનો પડદો પડે છે તે કારણથી મન ઘણું ઉદાસ થાય છે. જેમ મેલવાળા કાચમાંથી સ્વચ્છ પ્રકાશ નિકળી શકતો નથી તેમ ઉદાસ અથવા શોકાતૂર મનમાંથી નિકળતા વિચારો સારા હોતા નથી. એવા મનવાળાનો સ્પર્શ કે સોબત કરવાથી સ્પર્શ કે સોબત કરનારના મન ઉપર પણ તેવીજ અસર થવાનો સંભવ છે.

એ પ્રમાણે શોકકારક બનાવોનું પરિણામ થાય છે. તેટલા માટે જેના ઉપર એ બનાવોની અસર થઈ હોય અથવા થવાનો સંભવ હોય તેઓ અભડાયા, સૂતકી થયા, અપવિત્ર થયા. વિગેરે કહેવામાં આવે છે.

અસર થોડી અથવા ઘણી થવી એ અમુક પદાર્થ અથવા પ્રાણીની આત્મ શક્તિ તેમજ પ્રબળ (Positive) અથવા નિર્બળ (Negative) સ્થિતિ ઉપર આધાર રાખે છે. પુષ્કળ મનોબળવાળા પ્રાણી ઉપર અથવા પુષ્કળ સજ્જડ પરમાણુવાળા પદાર્થો ઉપર અથવા અમુક ગુણવાળા પદાર્થો કે મનુષ્યો ઉપર શોક કારક બનાવની કે ખરાબ હવાની ઓછી અસર થાય છે, પણ ઓછા મનોબળવાળા મનુષ્ય કે પ્રાણી ઉપર તેમજ છિદ્ર યુક્ત પરમાણુંઓવાળા પદાર્થ ઉપર અથવા અમુંક ગુણ દોષવાળા પદાર્થ કે પ્રાણી ઉપર તેની અસર ઘણી થાય છે, તેટલાજ માટે યોગી બ્રહ્મચારી વગેરે જેઓનું મનોબળ અતિઘણું હોય છે તેઓને અશૌચનો ઘણો બાધ ગણેલો નથી તેમજ સોનું રૂપુ વગેરે ધાતુઓ પવિત્ર ગણી છે અને કાંસું કલઈ વગેરે ધાતુઓ અપવિત્રતાને જલદીથી ઝડપીલે એવી ગણી છે.

કેટલાક માણસોને ઠપકાની ઘણી અસર લાગે છે અને કેટલાકને થોડી લાગે છે. અમુક બનાવથી કેટલાકને ઘણી દિલગીરી થાય છે, અને કેટલાકને ઓછી થાય છે, એ પ્રમાણે તમામ પદાર્થ, પ્રાણી, અને મનનો વિવેક સમજવાનો છે.

અમુક બનાવની મન ઉપર અસર થાય છે, એ વાતનો ઈનિકાર કરી શકાશે નહિ. કેમકે સારી વસ્તુ જોવાથી સારો ખોરાક ખાવાથી, સારાં વસ્ત્ર ધારણ કરવાથી, સારૂ પુસ્તક વાંચવાથી, સારૂ સ્થળ જોવાથી, મન ખુશ થાય છે અને તેથી ઉલટું જોવાથી, ખાવાથી, ધારણ કરવાથી કે વાંચવાથી મન નાખુશ થાય છે. સારી ખબર સાંભળવાથી મન ખુશ થાય છે અને નઠારી સાંભળવાથી મન નારાજ થાય છે. એ પ્રમાણે દરેક બનાવ, વિચાર, કે પદાર્થ

માં માણુસના મન ઉપર અમુક પ્રકારની અસર કરવાની શક્તિ રહેલી છે. એમ છે ત્યારે અતિ ખેદકારક બનાવ અથવા અતિ ખુશ કારક એ બંને માણુસના મનને અસર કરે છે. ખેદ કારક બનાવની અસર ઘણા કાળ સુધી પોચે છે માટે તેવો બનાવ બનેથી જેઓ તેના સંબંધમાં આવે તેઓ અભડાયા કહેવાય છે. અભડાયલા માણુસના સંસર્ગમાં આવનાર અભડાયલા કહેવાય છે, કારણ કે સંસર્ગથી દોષ વળગે છે.

આ વાત સ્વીકારવી જરા અઘરી લાગશે, પણ ઊંડો વિચાર કરી જોવાથી તે સાચી છે એમ લાગશે. કહેવત છે કે જેવી સોબત તેવી અસર–કુસંગીનો પ્રસંગ દે કુસંગ રંગ અંગમાં–ખરાબ માણુસની અસર ખરાબ થાય છે. અને સારાની અસર સારી થાય છે. એ પ્રમાણે અસર શાકારણથી થાય છે તે વિશે વિચાર કરીશું તો માલમ પડશે કે જે માણુસ દુર્ગુણી છે તેના શરીરમાંથી નિકળતી હવા દુર્ગુણોની અસર વડે રંગાયલી હોય છે અને તેવી હવા બહાર નિકળતાં વેંત પાસે બેઠેલા અથવા સંસર્ગમાં આવનારના શરીરમાં પ્રવેશ કરે છે. જો શરીરમાંથી નિકળતી હવા એ પ્રમાણે રંગાયલી નહોય તો રોગી–પિતીયા–કોલેરાવાળા શીતળાવાળા–ઉટાંટિઆવાળા–ક્ષયરોગવાળા વગેરે જેને ચેપી રોગ કહેવામાં આવે છે તેઓની સાથે બેશવામાં ખાવા પીવામાં કંઈ કંટાળો આવવો ન જોઇએ તેમજ તેમ કરવું જોખમ ભરેલું ગણાવું ન જોઇએ પણ તેમ કંટાળો આવે છે અને જોખમ ભરેલું ગણવામાં આવે છે તો તે ઉપરથી જણાશે કે જેવું જેવું મનુષ્ય તેવી તેવી તેનામાંથી નિકળતી હવા–જેવું જેવું પ્રાણી કે વસ્તુ તેવીજ તેમાંથી નિકળતી હવા.

વશિકરણ વિદ્યાનાં મૂળતત્વો તપાસતાં પણ એ વાત ખરી હોય એમ જણાય છે. એ વિદ્યાનો મુખ્ય આધાર શ્વાસો શ્વાસનો અમુક રીતે વિનિમય અને અરસપરસ બદલાવું એજ શમજાય છે. કટ્ટા દુષ્મનો થોડા વખત સુધી એક બીજાની સાથે ખાય અને સુઇ રહે તો દુષ્મનાઇ મટી જાય. એક ઘરમાં રહેનાર અને સાથે બેસનાર સુનાર બીલાડી અને કુતરાને જન્મ વેર–સહજ વેર–મટી ગયાનું જોવામાં આવે છે. એ પ્રમાણેના ઘણા બનાવો ધ્યાનમાં રાખી તે ઉપર વિચાર કરવાથી ઉપરની વાતની સત્યતા માલમ પડશે.

આભડછેટના વિષય ઉપર બારીક રીતે વિચાર કરતાં એમજ માલમ પડે છે કે જે બનાવથી મનની સમતુલ્યતાનો ભંગ થાય (શોકકારક બનાવ) અને જેથી શરીરમાં ખરાબ પ્રાણપ્રવાહ દાખલ થવાનો સભવ પેદા કરે તેવા

બનાવો આભડછેટ પેદા કરે છે એમ આપણા આર્યશાસ્ત્રકારોનો અભિપ્રાય છે. જેઓએ સંસાર વ્યવહારનો ત્યાગ કર્યો છે, જેઓએ વેદાભ્યાસથી અને તપથી પોતાનું મનોબળ પુષ્કળ વધારી દીધું છે, જેઓએ બ્રહ્મચર્ય પાળી પોતાનું વીર્ય-તેજ-જાળવી રાખ્યું છે, અને જેઓના ધંધામાં મનની પૂર્ણ એકાગ્રતાની જરૂર છે; તથા અમુક અભ્યાસને લીધે જેઓના ઉપર ખરાબ બનાવની અસર ઘણી થવાનો સંભવ નથી તેવા સર્વને અશૌચનો ઘણો બાધ કહેલો નથી. એ વિશે વિચાર કરતાં સિદ્ધ થાય છે કે જે બનાવ મનની સમતુલ્યતાનો ભંગ કરે એવા છે, તેમજ જે બનાવો શરીરમાં ચાલતા પ્રાણપ્રવાહમાં અશુદ્ધ તત્વ દાખલ કરી તે પ્રાણપ્રાવાહની સમપ્રકૃતિને વિષમ કરે એવા છે તેજ આભડછેટ પેદા કરવાવાળા છે એમ માનેલું છે. અર્થાત શરીરના પ્રાણપ્રવાહની અને મનની સમતુલ્યતાનો ભંગ કરનાર બનાવ-પદાર્થ-પ્રાણી વગેરે અપવિત્ર ગણવામાં આવ્યાં છે. નિર્જીવ પદાર્થોની બાબતમાં જે વસ્તુઓ અશુદ્ધ તત્વ દાખલ કરવાવાળી છે તે અપવિત્ર ગણી છે. એવી અપવિત્રતા ગ્રહણ કરેલી સ્થિતિ તે અભડછેટ-સૂતક-વગેરે નામથી ઓળખાય છે.

જે પ્રમાણે મૃત્યુથી ઉપજતા શોકને લીધે મનની સામ્યાવસ્થાનો ભંગ થવાનો સંભવ છે તેજ પ્રમાણે પુત્ર કે પુત્રીના જન્મથી, લડાઈથી, દેશ ઉપર આવી પડેલી આફતથી વગેરે તેવાજ પ્રકારના બનાવોથી મનની સ્વસ્થતાનો ભંગ થવાનો સંભવ છે માટે તેવે પ્રસંગોએ પણ ક્ષણિક અશૌચ પાળવાનું કહ્યું છે.

બ્રાહ્મણને ૧૦ દિવસ, ક્ષત્રિયને ૧૨, વૈસ્યને ૧૫ અને શુદ્રને ૩૦ દિવસ સૂતક પાળવાનું કહ્યું છે. જો શુદ્ર પવિત્ર રીતે રહેલો હોય તો ૧૫ દિવસ પાળવાનું કહ્યું છે. એ ઉપરથી વિચાર કરતાં મૂળ વ્યવસ્થા પ્રમાણે રહેવામાં આવે તો બ્રાહ્મણો ઇતરજ્ઞાતિઓ કરતાં વધારે જ્ઞાનવાન હોવા જોઈએ, અને એજ પ્રમાણે ક્ષત્રિય વૈસ્ય અને શુદ્રનું સમજવું. હાલમાં જો કે અસલ વ્યવસ્થા ધર્મ અને જ્ઞાનની બાબતમાં જળવાવી જોઈએ તે પ્રમાણે જળવાતી નથી તોપણ ચારે જ્ઞાતિઓ જ્ઞાનની બાબતમાં તેમના ક્રમ પ્રમાણે ચડતા ઉતરતી છે-જેમ જ્ઞાન વધારે તેમ મનની સમતુલ્યતાનો ભંગ થવાનો સંભવ થોડો અને તેટલાજ માટે વર્ણાશ્રમને અનુસારી ઓછું વધતુ સૂતક પાળવાની આજ્ઞા.

સ્વામીના ઘરમાં સ્ત્રીને પ્રસવ થાય તો પિતા આદિક પીએરનાં સગાંને સૂતક લાગે નહિ, પણ પિએરમાં પ્રસવ થાય તો તેમને લાગે; એ નિયમ ઉપરથી સમજાય છે કે પ્રસવ જ્યાં થાય ત્યાં પ્રસૂતીના અંગમાંથી નિકળતા પદાર્થોથી હવામાં બીગાડ થવાનો સંભવ છે, તેમજ પ્રસવ સમયની તૈયારી, પ્રસવની વેદના વગેરે આસપાસના માણસોના મનની સમતુલ્યતાનો ભંગ કરે એવો સંભવ છે તે કારણથી એક જગાએ સૂતક લાગે એમ ફરમાવ્યું છે, અને બીજી જગાએ ન લાગે એમ કહ્યું છે.

રોગી, કૃપણ, દેવાદાર, ક્રિયાહીન, વિદ્યાહીન એટલે મૂર્ખ, વ્યસનાસક્ત, વિષયી, શાસ્ત્રોક્ત વિધિમાં જેને શ્રદ્ધા નથી અને શાસ્ત્રોક્ત નિષેધમાં જેને ત્યાગ નથી તે બધાને સદા કાળ સૂતકી ગણેલા છે. એનું કારણ પણ સ્પષ્ટ છે કે તેઓના મનની સમતુલ્યતા જળવાઈ રહેવાનો સંભવ નથી, અને આર્ય શાસ્ત્રની દૃષ્ટી મુજબ પારમાર્થિક શ્રેય સાધવાને તેઓ લાયક નથી.

એ પ્રમાણેની સઘળી હકીકત ઉપર વિચાર કરતાં માલમ પડશે કે આભડછેટ અને સૂતક એ માત્ર વ્હેમસૂચક શબ્દો નથી. તે મનની સમતુલ્યતાનો ભંગ કરનાર અને ખરાબ હવાના પરમાણુંઓ શરીરમાં દાખલ કરી શરીરની પ્રકૃતિ બગાડનાર પદાર્થ અથવા બનાવોની સંજ્ઞા તરીકે વપરાય છે. તે કેવળ વ્હેમ નથી.

આભડછેટ અને સૂતક પાળવાથીજ મોક્ષ થાય છે, એમ ધારવાનું કારણ નથી. એતો જીવ અને બ્રહ્મની એકતા રૂપી ભવ્ય ઇમારતના ભોંયતળિયાના દોષ રૂપ પદાર્થો છે, અને તે દુર કરવાની અગત્ય છે. કેમકે એ પદાર્થોની અસર અને છાપ શરીરમાં અને મન ઉપર રહે ત્યાં સુધી આત્માનો પ્રકાશ દેખાવાનો સંભવ નથી અને એકતા રૂપી ઈમારત બાંધી શકાય એમ નથી.

આ લખાણ ઉપરથી એમ નહિ સમજવું કે હાલમાં બ્રાહ્મણ વાણીઆ જે પ્રમાણે આભડછેટ પાળે છે તેજ પ્રમાણે પાળવાનું ફરમાન મૂળ શાસ્ત્રમાં છે. તે પાળવાને માટે ફરમાનતો છેજ પણ તેમાં રૂઢીદેવીએ કેટલીએક વધઘટ કરી નાખી છે. એ વધઘટ કેવી અને કેટલી છે તે નકી કરવાનું કામ મંડળીઓનું, વિદ્વાનોનું અને ધર્માચાર્યોનું છે, માટે તે વિશે હું કાંઈ કહેતો નથી. મારે કહેવાનું માત્ર એટલુંજ છે કે આભડછેટ અને સૂતકને કેટલાક વ્હેમ ધારે છે એમ એ વ્હેમ નથી.

થિઓસોફિકલ સોસાયટી.

જીજ્ઞાસુઓને સૂચના.

'થિઓસોફિકલ સોસાયટી' એ નામનું સાર્વજનિક મંડળ સને ૧૮૭૫ના નવંબર માસની ૧૭મી તારીખે, યુનાઇટેડસ્ટેટસના ન્યુયાર્ક શેહેરમાં સ્થપાયું. એ મંડળનો ઉદ્દેશ નીચે પ્રમાણે ત્રણ પ્રકારનો છે.

૧—જન મંડળમાં સાર્વત્રિક બંધુત્વ,–સમભાવ–પ્રેરવો; અને તેમ કરવાનું સુગમ થઇ પડે એટલા માટે, દેશ, વેશ, જાતિ, ધર્મ, વર્ણ, વિગેરે કોઇ પણ ભેદને આડે ન આવવા દઇને જેઓ સમભાવ બુદ્ધિથી વ્યવહાર કરી શકે એવા મનુષ્યોનું મધ્યસ્થળ સ્થાપવું.

૨—પૂર્વના આર્ય અને અન્ય ધર્મ શાસ્ત્રો તથા વિદ્યાઓ અને દર્શનોના અભ્યાસને પુષ્ટિ આપી તેની વૃદ્ધિ કરવી અને એ અભ્યાસથી શું શું લાભ થાય છે તે સિદ્ધ કરી આપવું.

૩—જે વિશ્વ નિયમો અદ્યાપિ અગમ્ય રહ્યા છે તેની તથા પિણ્ડગત જે આધ્યાત્મિક રહસ્ય છે તેની આગ્રહ પૂર્વક શોધ કરવી અને યથાવિધિ તેનો પ્રભાવ કરવો.

આ મંડળે એવું સ્વપ્ને પણ ધાર્યું નથી કે સમસ્ત જન સમૂહમાં ભ્રાતૃ ભાવનો એકદમ પ્રસાર કરી દેવા તે સમર્થ છે. તેનો ઉદ્દેષ માત્ર એટલોજ છે કે ભ્રાતૃભાવનું મૂળ રહસ્ય ધ્યાનમાં રાખી તે પ્રમાણે વર્તી શકે એવા મનુષ્યોનું મધ્ય સ્થળ સ્થાપી ભવિષ્યને માટે પાયો નાખી મુકવો. વળી એ મંડળમાંના ઘણા એમ પણ માને છે કે પૂર્વના તેમજ હાલના જે જે શાસ્ત્રો છે તે સર્વનું આગ્રહથી અને કેવળ નિ:પક્ષપાત રીતે અવલોકન કીધાથી એમ સિદ્ધ થયા વિના રહેશે નહિ કે સર્વનું મૂળ એકજ છે અને તેજ સત્ય છે. આથી કરી એ મંડળે

"सत्यात् नास्तिपरोधर्मः"

એ સૂત્ર પોતાનો મુદ્રા લેખ કરી રાખ્યો છે. આમ છે એટલે કોઇ અમુક ધર્મ 'માર્ગ' કે સંપ્રદાય, કે મત વિગેરે પોતાના કરી તેનો બોધ એ મંડળ તરફથી થતોજ નથી. કોઇ અમુક ધર્મ, વિગેરે વિષે સભ્ય વિષમતા ન હોવાથી સર્વ ધર્મ, માર્ગ સંપ્રદાયના મનુષ્યો એમાં દાખલ થઇ શકે છે અને તેઓ પોતાનો ધર્મ નિર્ભય રીતે પાળવી શકે છે.